રાજ્યમાં નવા ૫૮૦ કેસ, વધુ ૨૫નાં મોત

સુરતમાં ૧૭૬ દર્દી સાથે કોરોનાનો વિસ્ફોટ : રાજ્યમાં અત્યાર સુધી ૩૨૪૮૭૪ ટેસ્ટ કરવામાં આવ્યા ૬૫૫ દર્દી સાજા થઈ ઘરે પરત ફર્યા

ગાંધીનગર,તા.૨૧

કોરોનાનું સ્વરૂપ દિવસે રાજ્યમાં સતત નવમાં દિવસે ૫૦૦થી વધુ કેસો નોંધાયા છે. આજે છેલ્લા ૨૪ કલાકના કોરોના પોઝિટિવના ૫૮૦ કેસો નોંધાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયું છે. જેમાં સુરતમાં આજે ૧૭૬ દર્દીઓ કોરોના પોઝિટિવના નોંધાતા સ્થિતિ સ્ફોટક બની છે. આ સાથે રાજ્યમાં કોરોના સંક્રમિતનો આંકડો ૨૭હજારને વટાવી ૨૭૩૧૭ થયો છે. જ્યારે વધુ ૨૫ના મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૬૬૪ પર પહોંચ્યો છે. રાજ્યમાં આજે ૫૪૬૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતાં.

રાજ્યમાં આજે વેન્ટીલેટર પર ૫૯ દર્દીઓ છે. રાજ્યમાં કોરોનાનું સ્વરૂપ દિવસે દિવસે વિકરાળ બનતું જાય છે. અનલોક બાદ જુન માસમાં કોરોનાએ માઝા મુકી છે. રાજ્યમાં ૨૫ વ્યક્તિઓના ૨૪ કલાકમાં મૃત્યુ પામ્યા છે. જેમાં અમદાવાદમાં ૨૦, સુરતમાં ૩ અને અરવલ્લી અને છોટા ઉદેપુરમાં ૧-૧ વ્યક્તિઓના મૃત્યુ નીપજ્યા છે. આ સાથે કોરોનાને લીધે થયેલ મૃત્યુનો આંક ૧૬૬૪ પહોંચ્યો છે. રાજ્યમાં ૨૩ જિલ્લામાં કોરોના પોઝિટિવના કેસ નોંધાયા છે. જેમાં આજે ઘણા સમયબાદ અમદાવાદમાં કોરોનાના નવા કેસનો ૩૦૦ની સરેરાશ તૂટી છે. આજે ૨૭૩ નવા કોરોના પોઝિટિવના કેસ નોંધાતા કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૧૮૮૩૭ થયો છે. આજે વધુ ૨૦ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક અમદાવાદમાં ૧૩૩૨ થયો છે.

સુરતમાં બે દિવસથી કોરોનાએ માઝા મુકી છે. આજે નવા રેકોર્ડ બ્રેક ૧૭૬ કેસ નોંધાતા કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૨૩૩ થયો છે. જ્યારે વધુ ૩ મોત સાતે કુલ મૃત્યુઆંક ૧૨૩ પર પહોંચ્યો છે. વડોદરામાં આજે નવા ૪૧ કેસ કોરોના પોઝિટિવના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૧૮૫૪ થયો છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૪૭ છે.

ગાંધીનગરમાં નવા ૧૫ કોરોના પોઝિટિવ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૫૬૩ થયો છે. રાજ્યમાં આજે અન્ય જિલ્લાઓમાં ભરુચમાં ૧૦, અરવલ્લીમાં ૯, ભાવનગર અને જામનગરમાં ૮-૮, વલસાડમાં ૫, રાજકોટ, આણંદ, પંચમહાલ, પાટણ અને અમરેલીમાં ૪-૪, બનાસકાંઠા અને સાબરકાંઠામાં ૩-૩ મહેસાણા અને જુનાગઢમાં ૨-૨, ખેડા, બોટાદ, દાહોદ, સુરેન્દ્રનગર અને દેવભૂમિ દ્વારકામાં ૧-૧ કોરોના પોઝિટિવના ૨૪ કલાકમાં નોંધાયા છે.

સૂર્યગ્રહણને લીધે જગન્નાથની નેત્રોત્સવ વિધિ સાંજે કરાઈ

સૂર્યગ્રહણ પત્યા બાદ મંદિરની સાફ સફાઈ કર્યા પછી સાંજે ૬ વાગ્યાની આસપાસ મંદિરને ખોલવામાં આવ્યું

અમદાવાદ, તા. ૨૧

૧૪૩મી રથયાત્રા પૂર્વે ભગવાનને મોસાળથી લાવવામાં આવે છે અને ત્યારબાદ ભગવાનને આંખ પર પાટા બાંધવામાં આવે છે આ વિધિને નેત્રોત્સવ વિધિ કહેવામાં આવે છે. પરંતુ આ વર્ષે નેત્રોત્સવ વિધિ સવારને બદલે સાંજે કરવામાં આવશે. જેનું કારણ છે સૂર્યગ્રહણ. ગ્રહણને કારણે સવારથી જ ભગવાનનું મંદિર બંધ કરી દેવામાં આવ્યું છે .

સૂર્યગ્રહણ પત્યા બાદ મંદિરની સાફ સફાઈ કર્યા પછી સાંજે ૬.૦૦ વાગ્યાની આસપાસ મંદિરને ખોલવામાં આવશે. મંદિરમાં ભગવાનને પાટા બાંધ્યા બાદ વિવિધ ફળફળાદિ અર્પણ કરવામાં આવશે. રથયાત્રા પહેલા ભગવાન જગન્નાથ ૧૫ દિવસ પહેલા પોતાના મોસાળમાં જતા હોય છે જે બાદ ત્યાંથી પરત ફરે છે. મોસાળમાં તેમની ભારે આગતાસ્વાગતા કરવામાં આવે છે. મોસાળમાં અનેક મિષ્ટાનો અને જાંબુ આરોગતા હોય છે. જેના કારણે તેમની આંખો આવી ગઈ હોય છે. આ જ કારણસર જ્યારે ભગવાન મંદિરમાં પ્રવેશે ત્યારે તેમની આંખો પર પાટા બાંધી દેવામાં આવે છે. આ આખી વિધિને નેત્રોત્સવ કહેવામાં આવે છે. નેત્રોત્સવ વિધિ બાદ મંદિરમાં ધજરોહણ કરવામાં આવે છે. આ વિધિમાં શહેરના મેયર ઉપસ્થિત રહેતા હોય છે. ધ્વજારોહણ બાદ ભગવાનને વિશેષ પૂજા અને આરતી કરવામાં આવે છે. જે બાદ સાધુ-સંતોના ભંડારાનું આયોજન કરવામાં આવતું હોય છે પરંતુ આ વર્ષે કોરોના વાયરસને કારણે ભક્તો વિના માત્ર મીડિયાના માધ્યમથી ભક્તો જોઈ શકે તે માટે ભગવાનની નેત્રોત્સવ વિધિ કરવામાં આવશે અને પરંપરાગત રીતે ધજારોહણ પણ કરવામાં આવશે.

મગોડીના રીક્ષાચાલકનો વ્યાજખોરોના ત્રાસથી આપઘાત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ચિલોડા નજીક આવેલા મગોડી ગામના રીક્ષા ચાલકે વ્યાજખોરોના ત્રાસથી ઝેરી દવા ગટગટાવી જીવન લીલા સંકેલી લીધી છે. ગામના યુવકો પાસેથી લીધેલા નાણાનું વ્યાજ ચુકવી ન શકતા અને તેઓ વ્યાજ માટે દબાણ કરતા યુવકે આપઘાત કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. બનાવ અંગે મૃતકના ભાઈએ ચિલોડા પોલીસ મથકે ગામના બે યુવાનો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ મથકથી મળતી વિગત મુજબ મગોડી ગામના રાજુભાઈ કાળાભાઈ રાવળ (ઉં.૩૦)ના નામના યુવકે ૧૯ જુનના રોજ સાંજના સુમારે પોતાની રીક્ષામાં ઝેરી દવા પી લીધી હતી. જેથી રાજુને પરિવારના સભ્યો તેને તાત્કાલીક ગાંધીનગર ખાતે ખાનગી દવાખાને સારવાર માટે લઈ આવ્યા હતા. તે સમયે રાજુ એ થોડુ થોડુ બોલતા કહ્યુ હતુ કે તેણે મગોડી ગામના રાજુભાઈ મફતભાઈ રબારી અને જયેશભાઈ શામજીભાઈ રબારી પાસેથી વ્યાજે પૈસા લીધા હતા. તે નિયમિત હપ્તો ભરતો હતો, પરંતુ લોકડાઉનના કારણે પૈસા ભરી શક્યો ન હતો. જેને પગલે વ્યાજખોરોએ તેને મારવાની ધમકી આપી ગાળાગાળી કરતા હતા. જેથી કંટાળીને તેને ઝેરી દવા પી લીધી હતી. યુવકના મૃત્યુને પગલે તેના ભાઈએ બંન્ને વ્યાજખોરો સામે આપઘાત દુષ્પ્રેરણ અને ધમકી અંગે ફરીયાદ નોંધાવતા ચિલોડા પોલીસે તપાસ શરુ કરી છે.

ગ્રામ્ય વિસ્તાર... ● છેલ્લા પાનાનું ચાલુ

ફાર્માસ્યુટીકલ કંપનીમાં નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે.

નાના ચિલોડામાંથી પણ એક ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી હેર કટીંગ સલુન ચલાવી રોજગારી મેળવતો હોવાનુ જાણવા મળેલ છે. જે સામાજિક કારણોસર સાબરકાંઠા જિલ્લામાં બે વખત ગયો હોવાનું જાણવા મળેલ છે.

અડાલજમાંથી એક ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તેમના સગાની ખબરઅંતર પુછવા માટે બે વખત ગયાનુ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર નજીક કુડાસણ ગામેથી પણ એક કેસ પોઝીટીવ મળી આવેલ છે. કુડાસણમાંથી કોરોનાના કેસો વધતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. મળતી વિગતો પ્રમાણે કુડાસણમાંથી એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ એપોલોમાં ફરજ બજાવતો હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૩૭૭ લોકોના નમૂનાઓની તંત્ર દ્વારા ચકાસણી કરવામાં આવી છે. જિલ્લામાં હાલ ૧૨,૫૦૦ જેટલા લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

જવાબ અપાશે ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉચ્ચ સૈન્ય અધિકારીઓ સાથેની બેઠક બાદ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે ચીન સાથે લગભગ ૩૫૦૦ કિલોમીટર લાંબી સરહદ પર તૈનાત સશસ્ત્ર દળોએ ચીનની કોઈપણ હિંમતનો જવાબ આપવો જોઈએ. સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી છે. આ બેઠકમાં ચીફ ઢીકીહજીફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત, આર્મી ચીફ જનરલ એમ.એમ. નરવાણે, નેવી ચીફ એડમિરલ કરામબીર સિંહ અને એર ચીફ માર્શલ આર કે એસ ભદોરિયા હાજર રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર સંરક્ષણ પ્રધાને કહ્યું કે સૈન્યને ચીનની દરેક કાર્યવાહીનો જવાબ આપવા તૈયાર રહેવું જોઈએ. સૈન્યના વડાઓને ચીનની દરેક બાબત પર નજર રાખવા કહેવામાં આવ્યું છે. રાજનાથસિંહે ઉચ્ચ સૈન્ય અધિકારીઓને ભૂમિ સરહદ, હવામાન વિસ્તાર અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગો પર ચીનની ગતિવિધિઓ પર નજર રાખવા સુચના આપી છે. તેમણે કહ્યું કે જો ચીની સેના કંઈક કરવાની હિંમત કરે તો તેનો જવાબ તાત્કાલિક આપવામાં આવે. સેના અને એરફોર્સ બંને હાઈએલર્ટ પર છે. મોદી સરકારે ચીનના કોઈપણ દુષ્કર્મનો જવાબ આપવા લશ્કરને સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે.

અનિવાર્ય ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રાણાયામને તમારા રૂટિન રોજિંદા જીવનમાં જરૂર સામેલ કરજો. અનુલોમ-વિલોમ સાથે બીજી પદ્ધતિઓને પણ શીખવાની કોશિશ કરજો. યોગની મદદથી લોકોને કોરોના બીમારીને હરાવવામાં મદદ મળી રહી છે. યોગથી આપણને તણાવ દૂર કરી શકીએ તે આત્મવિશ્વાસ પણ મળે છે.

આજે દેશની રાજધાની દિલ્હી સહિત દેશના દરેક રાજ્યોમાં અને સંઘ પ્રદેશોમાં પણ યોગના કાર્યક્રમો યોજાયા હતા. જો કે કોરોના સંક્રમણને કારણે પ્રતિવર્ષની જેમ જાહેર સ્થળોએ આ કાર્યક્રમો ટાળવામાં આવ્યાં હતા.

કોઈપણ યોગને અપનાવી શકે છે, એમ કહીને વડાપ્રધાને વધુમાં જણાવ્યું કે, યોગ તંદુરસ્ત સૃષ્ટિની ઈચ્છામાં વધારો કરે છે. તે એકતાની તાકાત બનીને ઊભર્યો છે અને માનવતાના સંબંધોને વધુ ગાઢ બનાવે છે. તે મતભેદ નથી કરતો. પીએમે ઉમેર્યું કે, કોરોના વાયરસ મહામારીને પગલે દુનિયાભરમાં લોકોને યોગની ખૂબ જરૂરિયાત જણાય રહી છે અને તેના મહત્વને સમજી રહ્યા છે. જો આપણી રોગપ્રતિકારકશક્તિ સારી છે તો તે આ મહામારીને હરાવવામાં મદદરૂપ થશે. યોગના વિવિધ આસનો દ્વારા આપણે રોગપ્રતિકારકશક્તિમાં વધારો કરી શકીએ છે. યોગના આ આસનો વડે આપણે શરીરે આરોગ્યમય બનાવી શકીએ છીએ તેમજ તેનાથી મેટાબોલીઝમ પણ સારું રહે છે.

વડાપ્રધાને યોગ દિવસ પર લોકોને યોગને તેમના જીવનનો ભાગ બનાવવા અપીલ કરી હતી. યોગને દરેક લોકો અપનાવી શકે છે અને તેના માટે ફક્ત ખાલી જગ્યા અને સમય ફાળવવો પડે છે. યોગથી આપણને શારીરિક શક્તિ પ્રાપ્ત થાય છે એટલું જ નહીં પરંતુ માનસિક અને સંવેદશન સ્થિરતા પણ મળે છે. યોગની મદદથી આપણે વિશ્વાસપૂર્વક પડકારોનો સામનો કરી શકીએ છે.

કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

થતી હોય તો તે ખેડૂતના મરણ બાદ કેવી રીતે તબદીલી કાયદેસરની ગણાય તે સવાલ મહત્વનો સુપ્રિમ કોર્ટે ગણી ગુજરાત હાઈકોર્ટે ઉપ પીટીશન મંજુરી કરી આવી તબદીલી માન્ય ગણેલ તેને નામદાર સુપ્રિમ કોર્ટે અમાન્ય ઠરાવી છે. આગામી દિવસોમાં વીલથી બીન ખેડૂતે મેળવેલ જમીનમાં ડેવલોપમેન્ટ શકય નથી. કેટલીય સ્કીમો બંધ પડશે તથા જમીન શ્રી સરકાર કે શરત ભંગ ગણી ગણોત ધારા અન્વયે મામલતદાર કાર્યવાહી કરી આવી તબદીલી અમાન્ય ઠેરવી જમીન મુળ માલીકને કે તેના વારસોને પરત સોંપશે અગર તો શ્રી સરકાર હેડે કરશે તે નક્કિ છે. આગામી સમયમાં જમીનના લીટીગેશન વધશે એ ચોક્કસ વાત છે.

ઘરમાં રહો, સુરક્ષિત રહો • માસ્ક પહેરીને બહાર નિકળો

सत्यमेव जयते

આફતના સમયમાં અડીખમ ઉભી છે
ગુજરાત સરકાર...
નાના માણસો માટે મોટી યોજના

આત્મનિર્ભર
ગુજરાત સહાય
યોજના-૨

- કોવિડ-૧૯ના લીધે સર્જાયેલી પરિસ્થિતિમાં આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિને વેગવાન બનાવવા, ગુજરાત સરકારનું મોટું અને સંવેદનશીલ પગલું એટલે આત્મનિર્ભર સહાય યોજના
- આ યોજનાના પ્રથમ તબક્કામાં હતી ૧ લાખ સુધીના ધિરાણની મર્યાદા
- હવે મળશે રૂ. ૧ લાખ થી વધુ અને રૂ.૨.૫૦ લાખ સુધીનું ધિરાણ
- લાભાર્થીએ ચુકવવાનું છે માત્ર ૪% વાર્ષિક વ્યાજ, બાકીનું વાર્ષિક ૪% વ્યાજ રાજ્ય સરકાર ભોગવશે
- આ યોજનાના ફોર્મ તા. ૦૧-૦૭-૨૦૨૦ થી સહકારી બેંકોમાંથી મળી શકશે. તા. ૩૦-૦૯-૨૦૨૦ સુધીમાં ફોર્મ ભરી જે તે સહકારી બેંકમાં પરત કરવાના રહેશે
- ગુજરાત રાજ્ય સહકારી બેંક લી., જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. તથા રાજ્યમાં આવેલ નાગરિક સહકારી બેંકોમાં અરજી કરનાર લાભાર્થીઓને તેમની પાત્રતાના આધારે સહકારી બેંકો દ્વારા નક્કી કરવામાં આવે તેટલું ધિરાણ મળી શકશે
- લાભાર્થીએ પ્રથમ ૬ મહિના કોઈ હપ્તો ભરવાનો નથી, ત્યારબાદ ૩૦ સરખા માસિક હપ્તામાં ધિરાણ તથા વાર્ષિક ૪% વ્યાજ ભરવાનું રહેશે

નાના વેપારીઓ, મધ્યમ વર્ગનાં વ્યક્તિઓ અને વ્યક્તિગત કારીગરો માટે રૂ.૫૦૦૦ કરોડનું પેકેજ જાહેર કરતી સંવેદનશીલ સરકાર

આને કહેવાય પ્રજાહિતનો નિર્ણય
દરેક નાગરિક પ્રત્યેની લાગણી અને કર્તવ્યનિષ્ઠા

વૈશ્વિક મહામારીની આ આફતમાં ગુજરાત સરકાર રાજ્યના દરેક નાગરિકની ચિંતા કરે છે અને તેમને દરેક પ્રકારની મદદ માટે કાર્યરત છે.
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

આ યોજના સંબંધી પૂછપરછ માટે આપના વિસ્તારની નજીકની સહકારી બેંકની શાખાનો સંપર્ક કરવો.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર